# ઉદ્યોગસાહસિકતા દ્વારા રાજ્યનો વિકાસ

## ઉદ્યોગસાહસિકતા વિકાસ પ્રક્રિયા




મનોવૈજ્ઞાનિક અવરોધો




વાતાવરણનાં સાધનો સ્ત્રોતોની તકો




અભિપ્રેરણા ધ્યેય સિદ્ધિ તરફ જવા માટેની સ્થિતિ




સંચાલન તાલીમ




સામાજીક આર્થિક જવાબદારીઓ




સફળ સાહસ

**ભાવી ઉદ્યોગ સાહસિકોને**
**પ્રેરતું**
**ઉદ્યોગસાહસિકતા**
**વિકાસ સંસ્થાન**




## ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન


**મુખ્ય કચેરીઃ**

ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧, ૯મો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૭.
ગુજરાત (ભારત) ફોનઃ (૦૭૯) ૨૩૨૪૭૩૬૬
૨૩૨૪૦૨૫૩, ૨૩૨૪૩૮૪૭ ફેક્સઃ (૦૭૯) ૨૩૨૫૬૬૭૯
email: cor-ced@gujarat.gov.in • www.ced.gujarat.gov.in

**અમદાવાદ વિભાગીય કચેરી**

C/o. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, બીજો માળ, બચત ભવન, રિલીફ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૧. ફોનઃ (૦૭૯) ૨૫૫૦૬૮૪૩ મો.: ૭૫૬૭૦૭૩૩૬૮
email: ahd-ced@gujarat.gov.in

**વડોદરા વિભાગીય કચેરી**

સી-૩૦૭, મનુભાઈ ટાવર, ફેકલ્ટી ઓફ આર્ટસ સામે,
સયાજીગંજ, વડોદરા - ૩૯૦૦૦૫. ફોનઃ (૦૨૬૫) ૨૩૬૩૧૯૨ મો.: ૭૫૬૭૦૭૩૩૧૨
email: brd-ced@gujarat.gov.in

**ભાવનગર વિભાગીય કચેરી**

C/o. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પોલિટૅકનિક કોલેજ સામે,
વિદ્યાનગર, ભાવનગર - ૩૬૪૦૦૧. ફોનઃ (૦૨૭૮) ૨૫૧૬૦૬૬ મો.: ૭૫૬૭૦૭૦૬૨૦
email: bhv-ced@gujarat.gov.in

**રાજકોટ વિભાગીય કચેરી**

૩જો માળ, પરેજીયા ચેમ્બર્સ, આલ્ફ્રેડ સ્કૂલ પાછળ, ઢેબર રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૧. ફોનઃ (૦૨૮૧) ૨૨૩૧૧૯૨ મો.: ૭૫૬૭૮૦૦૭૬૪
email: rjt-ced@gujarat.gov.in

**સુરત વિભાગીય કચેરી**

C/o. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સી-બ્લોક, બીજો માળ, બહુમાળી બિલ્ડીંગ, નાનપુરા, સુરત.
મો.: ૭૫૬૭૦૭૫૦૬૪
email: srt-ced@gujarat.gov.in


Vibrant GUJARAT 2015
11-13 Jan.
The Global Business Hub | 7th Global Summit

## ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે તાલીમ આપતી રાષ્ટ્રની સર્વ પ્રથમ સંસ્થા



CED
Since 1979

# THE CENTRE FOR ENTREPRENEURSHIP DEVELOPMENT

(A Government of Gujarat Organisation)

## ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન

(ગુજરાત સરકાર દ્વારા સંચાલિત)

## સંસ્થાની સ્થાપના

સને 1970માં રાષ્ટ્રની સર્વપ્રથમ ઉદ્યોગ સાહસિકતા વિકાસના ક્ષેત્રની યોજના - જી.આઇ.આઇ.સી.ના એક વિભાગ તરીકે શરૂ થઇ અને મે, ૧૯૭૯થી આ યોજના એક સ્વતંત્ર રૂપાંતર પામી જેનું નામ **"ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન" - ધી સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ (સી.ઇ.ડી.)** છે. આ સંસ્થા ગુજરાત સરકાર અને જી.આઇ.આઇ.સી., જી.એસ.એફ.સી., જી.આઇ.ડી.સી., સીડબી પ્રેરિત સ્વાયત્ત સંસ્થા છે. રાજ્યના ઉદ્યોગ કમિશનરશ્રી સંસ્થાના અધ્યક્ષ છે.

## સંસ્થાનો ઉદ્દેશ

- રાજ્યના શહેરી, ગ્રામ્ય કે પછાત વિસ્તારોમાં પોતાની માલિકીના નવા ઉત્પાદકીય અને સેવાકીય ઉદ્યોગ સ્થાપીને રાજ્યની ઔદ્યોગિક વિકાસની ગતિમાં ઝડપી વધારો કરે તેવા ઉદ્યોગસાહસિકો તૈયાર કરવા, જેઓ સ્વરોજગારી મેળવે અને અન્યને પણ રોજગાર આપે.
- આશાસ્પદ ઉદ્યોગસાહસિકમાં એવો આત્મવિશ્વાસ જગાવવો કે **'હું પણ ઉદ્યોગ સ્થાપીને તેનું સફળ સંચાલન કરી શકીશ.'**

# સંસ્થાના કાર્યક્રમો :

### ૧. ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ
### Entrepreneurship Development Programme (EDP) :

મુખ્ય પ્રવૃત્તિ સ્વરૂપે રાજ્યના શહેરી, ગ્રામ્ય કે પછાત વિસ્તારોમાં સંસ્થા આશાસ્પદ ઉદ્યોગ સાહસિકોને બેથી ચાર અઠવાડિયાના તાલીમી કાર્યક્રમો દ્વારા તૈયાર કરવાનું કાર્ય કરે છે.

**કોણ જોડાઈ શકે ?**

તાલીમમાં કારીગરો / નોકરિયાતો / મહિલાઓ / બેરોજગારો - જેઓ પોતાનો સ્વતંત્ર ઉદ્યોગ સ્થાપવા તીવ્ર ઇચ્છાશક્તિ અને દૃઢ મનોબળ ધરાવતા હોય તેમજ સખત પરિશ્રમ કરવા તૈયાર હોય તેઓ આ તાલીમી કાર્યક્રમમાં જોડાઇ શકે છે. સ્નાતકો, ડિપ્લોમા હોલ્ડર, આઇ.ટી.આઇ.ને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

તાલીમી કાર્યક્રમમાં કયો ઉદ્યોગ શરૂ કરવો ? ક્યાં શરૂ કરવો ? કેવી રીતે શરૂ કરવો ? કેવી રીતે સ્થાપવો ? કઇ કઇ મદદ અને સવલતો ઉપલબ્ધ છે ? ઉદ્યોગનું સફળ સંચાલન કેવી રીતે કરવું ? વગેરે બાબતો અંગે નિષ્ણાતો દ્વારા જરૂરી જ્ઞાન, વ્યવસ્થિત માહિતી વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવે છે.

### ૨. ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ શિબિર
### Entrepreneurship Awareness Programme (EAP) :

પોલીટેકનિક, આઇ.ટી.આઇ., મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યુટ, એન્જિનિયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓમાં "ઉદ્યોગસાહસિકતા" અંગેની જાગૃતિ લાવવા એક દિવસીય જાગૃતિ શિબિરો યોજવામાં આવે છે.

### ૩. પ્રવર્તમાન ઉદ્યોગ સાહસિકો માટેના કાર્યક્રમ
### Second Generation Programme (SGP) :

હાલમાં કાર્યરત લઘુ ઉદ્યોગસાહસિકની સંચાલન ક્ષમતાના વિકાસ માટે તેમજ જ્ઞાનવૃદ્ધિ માટેના ખાસ કાર્યક્રમોનું એકથી બે દિવસ માટે આયોજન કરવામાં આવે છે. ટેકનોલોજી અપગ્રેડેશન, એક્સપોર્ટ મેનેજમેન્ટ બજાર વ્યવસ્થા, ગુણવત્તા સંચાલન, આઇ.એસ.ઓ. વગેરે જેવા વિષયો આવરી લેવાય છે.




**કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતા બંન્ને આર્થિક વિકાસ માટેના આધારભૂત પરિબળ છે.**

### ૪. માનવ સંસાધન વિકાસ કાર્યક્રમ
### Human Resource Development Programme (HRD) :

પ્રવર્તમાન લઘુ અને મધ્યમ ઉદ્યોગો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્વસહાય જૂથના પ્રવર્તમાન માનવબળને વધુ અસરકારક બનાવવા સિદ્ધિપ્રેરણા, કોમ્યુનિકેશન, નિર્ણય શક્તિ, વ્યક્તિત્વ વિકાસ તેમજ અન્ય વિષયો આધારિત એકથી ત્રણ દિવસના કાર્યક્રમો યોજવામાં આવે છે.

### ૫. વિશિષ્ટ કાર્યક્રમો

ટેકનિકલ તાલીમ સાથેના ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમો જેવા કે કોમ્પ્યુટર આધારિત સેવાઓ, મોબાઇલ રિપેરિંગ, કોમ્પ્યુટર એકાઉન્ટિંગ મેનેજમેન્ટ, ગારમેન્ટ તેમજ ટેક્સટાઇલ સંબંધિત જેવા ક્ષેત્રમાં વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અન્ય તાંત્રિક વિષયો ઉપર પર પણ જરૂરિયાતલક્ષી કાર્યક્રમો યોજવામાં આવે છે.

**કાર્યક્રમની ફી :** નિયમોનુસાર કાર્યક્રમ આધારિત રાખવામાં આવે છે.

### ૬. ઔદ્યોગિક વાતાવરણને અનુરૂપ માનવબળની તાંત્રિક ક્ષમતા વધારવાની અને તેને સુદૃઢ બનાવવાની યોજના
### Skill Enhancement of Technical Competence & Manpower :

આ તાલીમ યોજનામાં સીઇડીના ઉમદા હેતુને ધ્યાનમાં રાખી ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૦૯ હેઠળ ઔદ્યોગિક ગૃહોની તાંત્રિક કુશળતા ધરાવતા માનવબળની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ઔદ્યોગિક ગૃહો / સંગઠનો / સંસ્થાઓ માટે મહત્વપૂર્ણ યોજનાઓની જોગવાઇ કરવામાં આવી છે.

### ૭. રાજીવ ગાંધી ઉદ્યમ મિત્ર યોજના
### Rajiv Gandhi Udyami Mitra Yojna (RGUMY) :

ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત દ્વારા આરજીયુએમવાય સ્કીમ માટે અમલીકરણ એજન્સી તરીકે સીઇડીને નિયુક્ત કરવામાં આવેલ છે.

### ૮. સીઇડી જથૂ વિકાસની અમલીકરણ એજન્સી
### CED is Implementing Agency of Cluster Development :

ભારત સરકાર અને ગુજરાત સરકારના જૂથ વિકાસ કાર્યક્રમ હેઠળ ફાઉન્ડ્રી અને જેમ્સ એન્ડ જ્વેલરી, પમ્પ અને ફાઉન્ડ્રી કલસ્ટરમાં નિરીક્ષણ તેમજ અમલીકરણ એજન્સી તરીકે સીઇડીને નિયુક્ત કરવામાં આવેલ છે.